લુઈ પાશ્ચર



સ્વયં પર વિશ્વાસનું મહત્વ

સ્પેન્સર જોન્સન

ચિત્ર: સ્ટીવ પિલેગી




લુઈ પાશ્ચર

સ્વયં પર વિશ્વાસનું મહત્વ


સ્પેન્સર જોન્સન

ચિત્ર: સ્ટીવ પિલેગી



ઘણા સમય પહેલા, દૂર દેશ ફ્રાન્સમાં લુઇ પાશ્ચર નામની એક વ્યક્તિ રહેતી હતી. આ શખ્સ, જે વિજ્ઞાનના ડોકટર હતા, ક્યારેક એની ઊંચી કાળી ટોપી અને ચમકીલો નારંગી કોટ પહેરીને બાગમાં ટહેલવા નીકળી પડતા હતા.

"મને વિશ્વાસ છે કે હું કરી શકું છું, મને વિશ્વાસ છે કે હું કરી શકું છું," એ ચાલતા-ચાલતા મનમાં કહેતા હતા. તમે શું વિચારો છો, લુઇ પાશ્ચરને કઈ વાત પર વિશ્વાસ હતો કે એ કરી શકે છે?



આ એક બહુ મહત્વપૂર્ણ વાત હતી - એટલી મહત્વપૂર્ણ કે લુઇ પાશ્ચર પાર્કમાં રહેલા બીજા લોકોને જોઈ પણ રહ્યા ન હતા.


"મારે અદ્રશ્ય શત્રુને શોધવાનો છે," એણે કહ્યું. "મારે એ હડકવાના કીટાણુંને શોધવાના છે જે લોકોની અંદર છુપાઇને એને બીમાર કરે છે - એટલા બીમાર કે એ મરી જાય છે."



"એક વાર હું એ અદ્રશ્ય શત્રુને શોધી લઇશ, તો હું એને મારવાનો પણ ઉપાય શોધી લઇશ. જયારે બીમાર લોકો પાછા સાજા થઇ જશે."


લુઇ પાશ્ચર એક બેન્ચ પર બેઠા અને એ અદ્રશ્ય શત્રુ વિષે વિચારવા લાગ્યા.

"મને વિશ્વાસ છે કે હું આ કરી શકું છું," એણે કહ્યું.



"કેવો મૂર્ખ માણસ છે," થોડા બાળકો, જે ત્યાં પાસે હતા, એ બોલ્યા. "જો કોઇ શત્રુ અદ્રશ્ય હોય, તો એનો અર્થ છે કે કોઇ એને જોઇ શકે જ નહીં. જો કોઇ એને જોઇ ન શકે, તો કોઇ એને શોધી પણ ન શકે."

લુઇ પાશ્ચરે એ જિજ્ઞાસુ બાળકોની વાત ન સાંભળી હોય એવું નાટક કર્યું. એ પેરિસની ઉલ્મ સ્ટ્રીટ પર આવેલી એની પ્રયોગશાળા તરફ જલ્દી-જલ્દી ચાલી પડયા, જ્યાં એ રોજ કામ કરતા હતા.



થોડા બાળકો એની પાછળ-પાછળ ગયા. થોડા મોટા લોકો પણ ગયા, જે જાણવા ચાહતા હતા કે એ શું કરે છે. એ પ્રયોગશાળાની બારીમાંથી અંદર ડોકિયું કરવા લાગ્યા.

"તું એ ક્યારેય કરી નહીં શકે!" એમણે બૂમ પાડીને કહ્યું. "અદ્રશ્ય શત્રુને કોઇ શોધી ન શકે."







લુઈ પાશ્ચરને એ વાતની જરાય પરવા ન હતી કે બાળકો શું વિચારે છે. અને ન તો એ વાતની કે મોટા લોકો શું વિચારે છે. એને પોતાનામાં વિશ્વાસ હતો.

"મને ખબર છે કે હું સાચો છું," એમણે કહ્યું. "મને ખાતરી છે કે હું આ કરી શકું છું."

એટલે, કેમકે એને પોતાના પર વિશ્વાસ હતો, એ કામ કરતા રહ્યા. એ એજ કરતા રહ્યા જે એને સાચું લાગતું હતું.

એ મુશ્કેલ કામ હતું, પણ લુઈ પાશ્ચર ખુશ હતા. એને ખબર હતી કે જો એ પેલા અદ્રશ્ય શત્રુ - હડકવાના કીટાણું - ને શોધી લેય, તો એ ઘણા બીમાર લોકોને ફરી સ્વસ્થ કરવામાં મદદ કરી શકશે.





જયારે એ તોફાની છોકરા ફ્રાન્સમાં એની પ્રયોગશાળામાં કામ કરી રહેલા લુઈ પાશ્ચર પર હસી રહ્યા હતા અને એની મશ્કરી કરી રહ્યા હતા, એ જ સમયે, એક નાનો છોકરો બહુ દૂર એક દેશ - જર્મની - માં, એક ગરીબ, બીમાર કૂતરા પર હસી રહ્યો હતો અને એને લાકડી ઘોંચી રહ્યો હતો.

છોકરાનું નામ જોઇ હતું. એ હકીકતમાં કોઇ નિર્દય બાળક ન હતો. એ બસ બેદરકાર હતો, જેમ બાળકો ક્યારેક હોય છે, અને એને બીજાને પજવવાનું ગમતું હતું, જેમ બાળકો ક્યારેક કરે છે.

થોડી વારમાં જોઇએ જોયું કે કૂતરો બહુ ગુસ્સે થઇ ગયો છે. એના મોઢાની ચારે બાજુ સફેદ ફીણ હતા - ફીણેલા ક્રીમ જેવા. એ ભસવાની કોશિશ કરી રહ્યો હતો, જાણે એ કહી રહ્યો હોય, "બંધ કર! બંધ કર!" પણ એ ભસી શકતો ન હતો.

કંઈક તો ગરબડ હતી. શું તમને ખબર છે કે શું ગરબડ હતી?



માની લો કે તમે એ કૂતરાની અંદર કોઈ દૂરબીનથી જોઈ શકતા હોત. ત્યારે તમને શું દેખાત? સાવ સાચું! તમને એ અદ્રશ્ય શત્રુ દેખાત - હડકવાના કીટાણું - જે એ કૂતરાને એટલો બીમાર બનાવી રહ્યા હતા.



કૂતરો એટલો બીમાર અને ગુસ્સામાં હતો કે એ કોઇ પણ વસ્તુને બટકું ભરવાની કોશિશ કરી રહ્યો હતો - ત્યાં સુધી કે પથ્થરો અને ઝાડને પણ. જો એનું ચાલત, તો એ પેલા છોકરાને પણ જરૂર બટકું ભરી લેત જેણે એને લાકડીથી હડસેલ્યો હતો.



જયારે જોઇ ત્યાંથી ચાલ્યો ગયો, તો એણે એક બહુ મહત્વપૂર્ણ વાત પર ધ્યાન ન આપ્યું.

શું તમે જોઈ શકો છો કે એ કઈ વાત હતી? હા, એ હતી - ફાટક. વાડનું ફાટક ખુલી ગયું હતું. એ ગાંડો, બીમાર કૂતરો હવે બહાર નીકળી શકતો હતો. એ જોઈની પાછળ દોડી શકતો હતો અને એને બટકું ભરી શકતો હતો.








અને એણે એવું જ કર્યું. "આઊચ! આઊચ!" જોઇએ ચીસ પાડી, જયારે એ ગાંડા, બીમાર કૂતરાએ એના હાથ અને પગ પર બટકાં ભર્યાં. અને પછી આ થયું! એ અદ્રશ્ય શત્રુ - હડકવાના કિટાણું - જે કૂતરાની અંદર છુપાયેલા હતા, એ કૂતરાના ફીણથી ભરેલા મોઢામાંથી એ નાના છોકરાના શરીરમાં પહોંચી ગયા.

"બચાવો! બચાવો!" જોઇએ ચીસ પાડી. "પાપા, કૃપા કરીને મારી મદદ કરો!"



જોઈના પિતાએ એનો અવાજ સાંભળ્યો અને શું થયું છે એ જોવા ઘરની બહાર દોડતા નીકળ્યા. જયારે એણે જોયું કે કૂતરો એના નાના દીકરાને બટકાં ભરી રહ્યો છે, તો એ બહુ ડરી ગયા. હા, એ મોટા અને તાકાતવાળા હતા, તો પણ ડરી ગયા.

ક્યારેક મોટા લોકો પણ ડરી જાય છે.

પણ જોઈના પિતા બહાદુર હતા. એ કૂતરા તરફ દોડયા. "ચલ ભાગ! ભાગ અહીંથી!" એણે જોરથી કૂતરાને બૂમ પાડી. એણે એના હાથ હલાવ્યા અને જોર-જોરથી પગ પછાડયા. કૂતરો ત્યાંથી ભાગી ગયો.





જોઈના પિતાએ કૂતરાને ફાટકની પાછળ ખદેડી દીધો. જયારે કૂતરો સુરક્ષિત રીતે વાડની પાછળ જતો રહ્યો, તો જોઈના પિતાએ સાવધાનીથી ફાટક બંધ કરી દીધું. પણ નુકસાન થઇ ચૂક્યું હતું!



નાનો છોકરો જમીન પર પડયો હતો, રડી રહ્યો હતો અને લોહી વહી રહ્યું હતું. એને ચૌદ વાર કરડવામાં આવ્યો હતો. "મને ડર છે કે મારો દીકરો બહુ બીમાર થઇ જશે," જોઈના પિતાએ મનમાં વિચાર્યું.

એના પિતાએ જોઇને ઉપાડયો. "શું તેં એ કૂતરાને પજવ્યો હતો?" એણે પૂછ્યું. "હા, ડેડી, મને માફ કરી દો," જોઇએ ધીમેથી કહ્યું. એ બહુ ખરાબ રીતે ઘાયલ થઇ ગયો હતો અને બહુ થાકેલો લાગી રહ્યો હતો.

"હું તને ઘરે લઇ જાઉં છું," પિતાએ દુઃખી થઇને કહ્યું. એ ઉદાસ હતા કારણકે એને ખબર હતી કે એના દીકરા સાથે બહુ ભયાનક ઘટના ઘટી ચુકી હતી.



હવે એ નાના છોકરાની અંદર એક અદ્રશ્ય દુશ્મન, એટલે કે હડકવાના કિટાણું, પહોંચી ગયા હતા. થોડી વારમાં એ ન કેવળ ઘાયલ અને થાકેલો હતો, પણ બીમાર પણ થઇ ગયો હતો. જે લોકો જોઇને જાણતા હતા, એ બધા બહુ દુઃખી હતા.

બધાને ખબર હતી કે જો કોઇને બીમાર, ગાંડો કૂતરો કરડયો હોય, તો એ વ્યક્તિ ચોક્કસ મરી જશે.





થોડા સમયમાં એ બીમાર કૂતરો મરી ગયો.

જોઈના ઘરમાં સન્નાટો ફેલાઇ ગયો હતો. એના માતા-પિતાને ખબર ન હતી કે જોઈની મદદ કેવી રીતે કરે. એ બસ રાહ જ જોઈ શકતા હતા.



ત્યાં એક દિવસ, એક ખબર આવી.

જોઈની માઁ એ એને સૌથી પહેલા જોઇ, અને એણે ખુશીથી બૂમ પાડી. "અદ્ભૂત! અદ્ભૂત!" એ બોલ્યા. જયારે એનો નાનો દીકરો મરી રહ્યો હતો, તો એ કોઇ વાતને અદ્ભૂત કેવી રીતે કહી શકતી હતી?

તમે શું વિચારો છો - એણે વર્તમાનપત્રમાં શું વાંચ્યું હશે?

"એક વૈજ્ઞાનિક ડોકટરે જોઇ જેવા લોકોને બચાવવાનો રસ્તો શોધી લીધો છે!" એણે કહ્યું. "એ કહે છે કે જોઇ જેવા બીમાર લોકોના શરીરમાં એક અદ્રશ્ય દુશ્મન ઘુસી ગયો છે. એણે એ દુશ્મનને શોધી લીધો છે - અને એને મારવાનો રસ્તો પણ શોધી લીધો છે!"

શું તમે જાણો છો, એ વ્યક્તિ કોણ હતી?



અલબત્ત! એ લુઇ પાશ્ચર હતા - એ વ્યક્તિ જેને પોતાની જાત પર ભરોસો હતો. એ ખબર હતી કે એ સાચા છે, અને એણે એ જ કર્યું જે એ કરવા ચાહતા હતા.

"સાંભળો, આપણે એક ઘોડા-ગાડીની જરૂર પડશે," જોઈની માઁ એ કહ્યું. "આપણે જોઈને પેરિસ લઇ જવો પડશે, ડો. લુઇ પાશ્ચરને મળવા. કદાચ એ જોઈનો જીવ બચાવી શકે."



જોઇના પિતા દોડયા. એણે એક સરસ ઘોડા-ગાડી, અને એક મજબૂત અને કુશળ ગાડીવાન ભાડે લીધા. છ સફેદ ઘોડા ગાડીમાં જોડવામાં આવ્યા.

જોઇના માતા-પિતાએ એને ગરમ, મુલાયમ ધાબળામાં લપેટ્યો અને ગાડીમાં બેસાડી દીધો.

"હું ઈચ્છું છું કે એ કૂતરો મર્યો ન હોત," જોઇએ ઉદાસ થઈને કહ્યું. "અથવા, મેં એ કૂતરાને લાકડીથી માર્યો ન હોત."

"ચાલો નીકળીએ!" ગાડીવાને જોરથી કહ્યું. "આપણી પાસે ખોવા માટે એક પળનો પણ સમય નથી!"





"જલ્દી કરો!" જોઈની માઁએ કહ્યું. ઘોડા પેરિસ જવાના લાંબા રસ્તા પર તેજીથી દોડી રહ્યા હતા. "જલ્દી કરો!" જોઈના પિતાએ પણ વિનંતી કરી. રસ્તાને કિનારે વૃક્ષ પણ જાણે ગણગણી રહ્યા હતા - "ઉતાવળ કરો! ઉતાવળ કરો! ઝડપથી! વધુ ઝડપથી!"



જયારે એ લુઈ પાશ્ચરના દરવાજા પર પહોંચ્યા, તો થાકેલા અને ધૂળથી ઢંકાયેલા હતા, પણ ત્યાં પહોંચીને એ બહુ ખુશ હતા.

એણે દરવાજો ખટખટાવ્યો, અને લુઈ પાશ્ચરે દરવાજો ખોલીને એનું સ્વાગત કર્યું.



"ડો. પાશ્ચર," માઁ એ એક બહાદુર સ્મિત કરીને કહ્યું, "અમે તમને મળવા બહુ દૂરથી આવ્યા છીએ. અમારા નાના દીકરાને એક ગાંડા કૂતરાએ બટકું ભર્યું છે, અને એ બહુ બીમાર છે. શું તમે અમારી મદદ કરી શકો છો?"



"કદાચ," લુઈ પાશ્ચરે કહ્યું. "મેં એ અદ્રશ્ય દુશ્મન, એટલે હડકવાના કિટાણું જે શરીરની અંદર છુપાયેલા હોય છે, એને મારવાનો રસ્તો શોધી લીધો છે. કદાચ હું તમારા નાના દીકરાની અંદર છુપાયેલા કિટાણુંને પણ મારી શકું."

"મેં એક રસી શોધી છે," લુઇ પાશ્ચરે સમજાવ્યું. "મારી રસીમાં જાદુઇ સૈનિક હોય છે જેની ચમકદાર આંખો હોય છે જે અંધારામાં પણ જોઇ શકે છે. જયારે એ જોઇની અંદર છુપાયેલા અદ્રશ્ય દુશ્મનને જોશે, તો મારા આ જાદુઇ સૈનિક, જે બહુ તાકાતવાળા છે, એ દુશ્મનને મારી નાખશે."




જોઇને ગાદલામાં સૂવડાવવામાં આવ્યો હતો. જયારે એણે લુઇ પાશ્ચરને આવું કહેતા સાંભળ્યા, તો એ થોડો બેઠો થયો. "ડો. પાશ્ચર," એ બોલ્યો, "શું તમે એમ કહેવા માંગો છો કે તમારા જાદુઇ સૈનિક મારી અંદર ઘૂસશે?"


"હા," લુઇ પાશ્ચરે કહ્યું.

જોઇ મૂંઝવણમાં પડયો.

"પણ એ ત્યાં પહોંચશે કેવી રીતે?"



"બહુ સરળતાથી," લુઇ પાશ્ચરે કહ્યું. "મારા જાદુઇ સૈનિક કૂચ કરતા લાંબી સોયમાંથી નાના છોકરાના શરીરમાં પહોંચી શકે છે. એ બધા એક સાથે કૂચ કરે છે, કોઇ શક્તિશાળી સેનાની જેમ."



"પણ સોય તો દુઃખશે," જોઇએ કહ્યું. "ક્યારેક," ડો. પાશ્ચરે માન્યું. "પણ શું તું હિમ્મત દેખાડી શકે છે, જોઇ, જયારે મારા બહાદુર સૈનિક તારી અંદર તાલ મેળવતા ઘૂસશે?"

"હું બહુ બહાદુર બનીશ," જોઈએ વાયદો કર્યો.

"તો તું મારી હડકવાની રસીનું ઇન્જેક્શન લેવાવાળી પહેલી વ્યક્તિ બનીશ," લુઇ પાશ્ચરે કહ્યું.



એ સાંભળીને જોઈના પિતા થોડા ચિંતિત થઇ ગયા. "સૌથી પહેલી વ્યક્તિ?" એણે વિચાર્યું. "ક્યાંક એમાં કોઇ જોખમ તો નથી? શું તમને ખાતરી છે કે તમારી રસી એક નાના બાળક પર કામ કરશે?"

"મને પૂરો વિશ્વાસ છે કે એ કામ કરશે," લુઇ પાશ્ચરે કહ્યું. અને એણે જોઇને ઇન્જેક્શન આપ્યું.


જાદુઇ સૈનિક નાના છોકરાના શરીરમાં કૂચ કરતા જતા રહ્યા.



જયારે એ જોઇની અંદર પહોંચ્યા, તો ત્યાં અંધારું હતું. જાદુઇ સૈનિકોએ એની જાદુઇ આંખોથી અહીં-તહીં જોયું. આખરે એમણે દુશ્મનને જોઇ લીધો - એ હડકવાના કીટાણું, જે અત્યાર સુધી અદ્રશ્ય હતા.

શરૂઆતમાં એને ફક્ત બાર કીટાણું દેખાયા. શું તમે પણ એને જોઇ શકો છો?

પણ એને ખબર હતી કે જોઇની અંદર લાખો કીટાણું છુપાયા હતા.



"તમે અમને ક્યારેય હરાવી નહીં શકો," એ ભયાનક કીટાણુંઓએ કહ્યું. "અમે તમને ચોક્કસ હરાવશું!" જાદુઇ સૈનિકોએ બૂમ પાડીને કહ્યું.



યુદ્ધ શરુ થઇ ગયું. જાદુઇ સૈનિકોએ અદ્રશ્ય દુશ્મનો પર હૂમલો કર્યો અને વીરતાથી લડયા.

જોઇ માટે આ કોઈ સુઃખદ અનુભવ ન હતો. શું તમને સુખદાયક લાગશે જયારે તમારી અંદર જાદુઇ સૈનિકોની સેના યુદ્ધ લડી રહી હોય?

પણ જેમ-જેમ હડકવાની રસીના જાદુઇ સૈનિક દુશ્મનોને એક-એક કરીને મારતા ગયા, જોઇને ધીરે-ધીરે સારું લાગવા લાગ્યું.



જયારે આખરી દુશ્મન પણ હારી ગયો, તો જોઇને બહુ સારું લાગવા લાગ્યું - એટલું સારું કે એ પથારીમાંથી કૂદી પડયો, અને એની માઁ, પિતા અને ડો. લુઇ પાશ્ચર સાથે પણ ખુશીથી નાચવા લાગ્યો. ડો. પાશ્ચર પણ એટલા જ ખુશ હતા જેટલા બાકી બધા હતા.


"હુર્રે! હુર્રે!" બધાએ મળીને ખુશ થઇને બૂમ પાડી.





પછી જોઇએ લુઇ પાશ્ચરનો આભાર માન્યો અને એના માતા-પિતા સાથે ગાડીમાં બેસીને જર્મનીમાં એના ગામમાં પાછો ફર્યો.

જોઈના ગામમાં લોકો રસ્તાની બંને બાજુ ઉભા હતા. એ હસી રહ્યા હતા અને જોઈનું હાથ હલાવીને અભિવાદન કરતા હતા. બધા એ વાતથી ખુશ હતા કે એ જીવતો હતો. આકાશમાં ચમકતો પીળો સૂરજ પણ જાણે ખુશ હોય એવું લાગી રહ્યું હતું.



છતની ઉપર ગામના ઘંટ ખુશીથી વાગી રહ્યા હતા. એ જાણે ગાતા હતા - "સુરક્ષિત! સુરક્ષિત! હવે બધું સુરક્ષિત છે! હવે કોઈને હડકવાથી મરવું નહીં પડે!"

અને આ બધું સંભવ થયું લુઇ પાશ્ચરને લીધે - એ વ્યક્તિને લીધે, જેને ખબર હતી કે એ સાચો છે, અને જેણે એ જ કર્યું જે કરવાનું એણે નક્કી કર્યું હતું.




અલબત્ત, જેમ તમે જોઇ શકો છો, બધા ખુશ હતા - ખાસ કરીને લુઇ પાશ્ચર. એને ખબર હતી કે જયારે તમે પોતાની જાત પર વિશ્વાસ કરો છો, તો કેટલું સારું લાગે છે.

અને તમારું શું? શું ક્યારેય તમને પણ એવું લાગે છે કે જયારે તમે તમારી જાત પર વિશ્વાસ કરો છો, તો તમને ખુશી મળે છે?

કદાચ તમારે માટે એ વિચારવું ઉપયોગી થશે કે પોતાના પર વિશ્વાસ કરવાનું કેટલું મોટું મહત્વ હોય છે.





શું કોઇ એવી વસ્તુ છે જે તમે ખરેખર કરવા ચાહો છો? એ કોઇ બહુ મોટી કે કોઇ બહુ મુશ્કેલ વસ્તુ ન હોવી જોઇએ.

કદાચ એ બસ એવી વસ્તુ હોય, જેના વિષે બીજા લોકો વિચારતા હોય કે તમે એ નહીં કરી શકો.


તો શું તમે હાર માની લેશો - ફક્ત એટલા માટે કે બીજા લોકો એવું વિચારે છે? કે પછી તમે તમારામાં વિશ્વાસ કરશો?



અને જો તમને એટલું સારું લાગે છે જયારે તમે તમારા પર વિશ્વાસ કરો છો, તો શું તમે તમારા મિત્રોને પણ સારું લાગે એવું કરવામાં મદદ કરી શકશો - એને પોતાના પર વિશ્વાસ કરવા માટે પ્રેરિત કરીને?

શું એ સારું છે કે તમે બીજાના વિચારો પર હસો અને એની મજાક ઉડાવો, કે એ વધારે સારું હશે કે તમે એને કહો - "હા, તમે સાચે આ કરી શકો છો!"

હવે તમે હડકવાનો ઇલાજ તો શોધી નહીં શકો કારણકે એ પહેલેથી શોધાઇ ચુક્યો છે. પણ તમે કંઇક એવું કરી શકો છો જે એટલું જ મહત્વપૂર્ણ હોય.



તમે પોતાના પર વિશ્વાસ કરવાનું મહત્વ શીખી શકો છો, અને જે કંઈ તમે શીખ્યા છો, એને તમારા જીવનમાં લાગુ કરી શકો છો. પછી તમે પણ વધારે ખુશ રહેશો - આપણા પ્રિય મિત્ર લુઇ પાશ્ચરની જેમ.





લુઈ પાશ્ચર

લુઈ પાશ્ચરનો જન્મ ફ્રાન્સના ડોલ નામના નગરમાં, જ્યુરા પ્રાંતમાં, 1822 માં થયો હતો. એક રસાયણશાસ્ત્રીના રૂપમાં - અને પછી જીવાણુંવૈજ્ઞાનિકના રૂપમાં - લુઈ પાશ્ચરે એના સમયની કોઇ પણ અન્ય વ્યક્તિથી વધારે ચિકિત્સા વિજ્ઞાનની પ્રગતિમાં યોગદાન આપ્યું.

જોકે, કારણકે એ ચિકિત્સક ન હતા, 1800 ના દશકના ઘણા ડોકટરોએ એ સિધ્ધાંતોની મજાક ઉડાવી. પણ એણે એના ઉપહાસની પરવા ન કરી, કારણકે એને પૂરો વિશ્વાસ હતો કે કીટાણું વાસ્તવમાં હોય છે અને એ રોગ પેદા કરી શકે છે.

એણે પૂરા વિશ્વાસ સાથે એની રીતે કામ કરવાનું ચાલુ રાખ્યું અને અંતે રેશમના કીડાની બીમારી, એન્થ્રેક્સ અને હડકવા - એ ત્રણેયના ઈલાજની શોધ કરી.

પાશ્ચરે દૂધને બગડતું બચાવવાની પ્રક્રિયા પણ શોધી. એમાં દૂધને 104 ડિગ્રી ફેરનહાઈટ પર ત્રીસ મિનિટ સુધી ગરમ કરવામાં આવે છે, પછી એને તરત ઠંડુ કરીને સીલબંધ, કીટાણુંરહીત વાસણોમાં રાખવામાં આવે છે. આ પ્રક્રિયા આજે પણ દૂધને કીટાણુંરહીત રાખવા માટે પ્રયોગમાં લેવામાં આવે છે, અને એને પાશ્ચરીકરણ (જીવાણુંનાશન) કહેવામાં આવે છે.



પાશ્ચરે સ્ટ્રાસબર્ગની મેરી લોરેન્ટ સાથે વિવાહ કર્યા, જેને એ બહુ પ્રેમ કરતા હતા. મેરીએ હંમેશા એને પ્રયોગશાળાના કામને પ્રાથમિકતા આપવા માટે પ્રેરિત કર્યા, જેનાથી એ એના કાર્ય પર પૂરું ધ્યાન કેન્દ્રિત કરી શકે અને ઉત્કૃષ્ટ શોધ કરી શકે.

જયારે નાના જોસેફ મેઈસ્ટરને એક ગંદા કૂતરાએ ચૌદ વાર કરડી ખાધો અને એને લુઈ પાશ્ચર પાસે લાવવામાં આવ્યો, તો વૈજ્ઞાનિક એના અત્યાર સુધીના અપરિક્ષિત હડકવાના રસીને આપવામાં અચકાયા.


એણે એક રસી ત્યારે આપી જયારે બે ચિકિત્સકોએ કહ્યું કે રસી વગર છોકરાનું મૃત્યુ નિશ્ચિત છે - અને કદાચ પાશ્ચર પાસે જ એનો ઈલાજ હોઈ શકે છે.

નિશ્ચિત રૂપથી, પાશ્ચર પાસે જ એનો ઈલાજ હતો - અને એણે જોસેફ મેઈસ્ટરનો જીવ બચાવ્યો. પછી મેઈસ્ટર પાશ્ચર સંસ્થાનમાં ચોકીદાર બની ગયો અને એના જીવનના અંત સુધી લુઈ પાશ્ચર પ્રતિ નિષ્ઠાવાન બની રહ્યો.

જોકે પાશ્ચરને પોતાની ઉપર ઊંડો વિશ્વાસ હતો, તો પણ એ જીવનભર વિનયશીલ અને શાંત સ્વભાવના વ્યક્તિ બની રહ્યા. 1895 ના એના મૃત્યુ સુધી એ સાધારણ અને નમ્ર બની રહ્યા. એના અંતિમ વર્ષોમાં એ ઘણીવાર એ જોઈને થોડા આશ્ચર્યચકિત અને પ્રસન્ન થતા હતા કે લોકો એના પ્રતિ કેટલી શ્રધ્ધા અને ઉત્સાહ દેખાડતા હતા.

એક વાર એણે લન્ડનમાં એક આંતરરાષ્ટ્રીય ચિકિત્સા સંમેલનમાં ભાગ લેવાનું આમંત્રણ સ્વીકાર્યું. જયારે એ પહોંચ્યા, તો એક કારભારીએ એને સભા કક્ષની આગળની બાજુ જવાનું કહ્યું. જેવા પાશ્ચર આગળ વધ્યા, બધા સદસ્યો ઉભા થયા અને તાળીઓ પાડીને એનું સહર્ષ અનુમોદન કરવા લાગ્યા.

પાશ્ચર થોડા નિરાશ થયા અને બોલ્યા, "કદાચ વેલ્સના રાજકુમાર આવી રહ્યા છે. જો આપણે થોડા વહેલા પહોંચ્યા હોત તો એને વધારે સારી રીતે જોઈ શકતા હતા." પણ અધ્યક્ષે એનો હાથ લંબાવતા કહ્યું, "નહીં, આ તમારા માટે છે. આ તમારું અભિવાદન થઈ રહ્યું છે."



સમાપ્ત